ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,**ભાવનગર.**
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૬૫/૨૨-૨૩/ 161 તારીખ : 11 JAN 2023

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી સિંધવ પોપટભાઈ નનાભાઈ,**
**ખરેડ-ગઢડા રોડ, ગંગાકુડની બાજુમાં,**
**રામદેવનગર, ગાયત્રી મંદિર સામે,**
**તા.મહુવા**
**જી.ભાવનગર.**

કેસ નં.૬૫/૨૨-૨૩

**મો.નં- ૯૫૭૪૫ ૪૪૮૭૦**

**વિષય : ઘર વપરાશનું નવું વિજ કનેકશન ન મળવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૧૭/૧૦/૨૦૨૨ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૭/૧૦/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૫/૨૨-૨૩/૩૫૬૮ તા.૦૭/૧૧/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૫/૨૨-૨૩/૩૯૯૫ તા.૧૬/૧૨/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૭/૧૨/૨૦૨૨** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**
*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, **શહેર** પેટા વિભાગીય કચેરી, **મહુવા.**

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

**ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૬૫/૨૨–૨૩** ☜

વાદી :– **શ્રી સિંધવ પોપટભાઈ નનાભાઈ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૨૭/૧૨/૨૦૨૨** ◈

હાજર રહયા :– **શ્રી સિંધવ પોપટભાઈ નનાભાઈ (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી સી.સી.ડામોર, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા તથા**
**શ્રી એસ.બી.વસાણી, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી સિંધવ પોપટભાઈ નનાભાઈ, મું.મહુવા, જી.ભાવનગરની ઘર વપરાશનું નવું વિજ કનેકશન ન મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૬૫/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૫/૨૨–૨૩/૩૫૬૮ તા.૦૭/૧૧/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૨૭/૧૨/૨૦૨૨** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી સિંધવ પોપટભાઈ નનાભાઈ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી સી.સી.ડામોર, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા તથા શ્રી એસ.બી.વસાણી, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અરજદાર દ્વારા ભાવનગર જીલ્લાના મહુવા શહેરમાં ખરેડ–ગઢડા રોડ, ગંગા ફુડની બાજુમાં, રામદેવનગર, ગાયત્રી મંદિર પાસે સિંગલ ફેઈઝ લાઈટીગ વીજ કનેકશનની માંગણી આઠ મહિનાથી કરેલ. ત્યારે, બિલીંગ વિભાગના કર્મચારી મેહુલભાઈ વ્યાસ દ્વારા નો ડયુ સર્ટીફીકેટ કાઢી ફોર્મ લંગાળીયા સાહેબને આપી દેવા જણાવેલ અને જણાવેલ કે ત્યારબાદ પંકજભાઈ જોશી આપના સ્થળ પર આવી સર્વે કરે પછી તમારે એ–વન ફોર્મના રજીસ્ટ્રેશન ચાર્જ ભરવા આવજો. કોઈપણ પ્રકારનો આધાર આપેલ નહી.

૧.૨ અરજદાર દ્વારા જણાવવામાં આવે છે કે,કંપનીનો નીયમ છે એ–વન ફોર્મ આપો તરત જ નોડયુ કાઢી આપવું જોઈએ તરત એ–વન ફોર્મના રજીસ્ટ્રેશનના રૂ.૪૦/– ભરવાનો નિયમ છે. એક દિવસમાં એક કલાકમાં રજીસ્ટ્રેશન ભરવાનો નિયમ છે છતાં, આવા બેદરકાર કર્મચારીના લીધે મારી જેવા અનેક ગ્રાહકો હેરાન થાય

છે. એક વર્ષમાં કેટલા એવન ફોર્મ ભેગા કરેલા છે. કોઈ પાસેથી રજીસ્ટ્રેશન ચાર્જના નાણાં લીધેલ નંથી. અનેક ગ્રાહકના ફોર્મ ગુમ કરેલ છે. આવા મોટા શહેરમાં આવા બેદરકાર ચાલે નહી. પોતાની મનમાની પ્રમાણે નો ડ્યુ કાઢીને જુ.એ લંગાળીયા સાહેબ પાસે ફોર્મ મોકલે છે. લંગાળીયા સાહેબ બાજુની ખુરશીના કલાર્ક ભાવેશભાઈ ચૌહાણ પાસે ફોર્મના થપ્પા અનેક પડેલ છે. એમને ટાઈમ મળે ત્યારે અનેક ગ્રાહકો ધક્કા ખાય ત્યારે થોડા ફોર્મ જુ.એ લંગાળીયા સાહેબ ને આપે તેને ટાઈમ મળે ત્યારે હેલ્પર પંકજભાઈ જોશીને સર્વે કરવા આપે. તે તેમની મરજી પ્રમાણે સર્વે કરવા આવે ત્યારે આમાં નકશો નથી, આ દસ્તાવેજ ખુલ્લા પ્લોટનો છે, એક કનેકશન ઘર માટેનું છે એટલે દુકાનમાં કનેકશન નહીં મળે, આવા ખોટા વાંધાઓ પાડવામાં પડે છે. તે મેહુલભાઈ વ્યાસને જણાવે છે. મેહુલભાઈ વ્યાસ ના.ઈ ભુત સાહેબને જણાવે આને એક કનેકશન ચાલુ છે બીજુ નહીં મળે. નાયબ ઈજનેર ભુત સાહેબ મેહુલભાઈ વ્યાસની લાઈન દોરી ઉપર કામ કરે છે.

૧.૩ અરજદાર દ્વારા વધુમાં જણાવવામાં આવે છે ગ્રાહકો અનેક ધક્કા ખાય ત્યારે અમુકને વીજ કનેકશન મળે નહીતર એમની જેવા અનેક હેરાન થાય છે. તેમના દ્વારા આઠ ફોર્મ મહીનાથી એ–વન ફોર્મ આપેલ છે હજુ સર્વે કરવા આવેલ નંથી. તો આપ સાહેબ મારી ફરિયાદનો અભ્યાસ કરી વીજ કનેકશન માટેનું સર્વે કરાવી કોટેશન આપવા હુકમ કરવા વિનંતી છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ સવિનય સાથ આપ સાહેબશ્રીને જણાવવાનું કે અત્રેની મહુવા શહેર પેટા વિભાગીય કચેરીએ અરજદારશ્રી સિંઘવ પોપટભાઈ નનાભાઈ ગામ:મહુવાને ઘર વપરાશનું સિંગલ ફેઈઝનું કોટેશન આપવા બાબતની રજુઆત મળેલ.

૨.૨ જેના અનુસંધાને આપ સાહેબને જણાવવાનું કે, શ્રી પોપટભાઈ નનાભાઈ સિંઘવની નવા ઝુપડા વીજકરણ યોજના અંતર્ગત વીજકનેકશન ની અરજી આવ્યા બાદ તેના નો ડ્યુ પ્રમાણપત્ર તા.૦૧/૦૪/૨૦૨૨ ના રોજ શહેર પેટા વિભાગીય કચેરી દ્વારા આપેલ. ત્યારબાદ, તેના સ્થળ પર સર્વે કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ. જેમાં, સદર જગ્યા ખેતીવાડી ની જમીન હોઈ, તેમજ સ્થળ પર વાવેતર કરતા હોય તેવું જણાઈ આવેલ માટે તેમને નવા ઝુંપડા વીજળીકરણ યોજના અંતર્ગત વીજ–કનેકશન માટે તે સ્થળ પરની માલીકી કે કબ્જેદાર હોવાના પુરાવા રજુ કરવા જણાવેલ હતું. પરંતુ, અરજદાર દ્વારા અત્રેની કચેરીમાં માલિકી કે કબ્જેદાર હોવાના પુરાવા રજુ કરેલ નથી કે પેટા વિભાગીય કચેરીનો કોઈપણ સંપર્ક કરેલ નથી.

૨.૩ શ્રી પોપટભાઈ નનાભાઈ સિંઘવ દ્વારા ઉપરોકત વીજ કનેકશન ના મળવાના કારણે, ગ્રાહક સુરક્ષા ફોરમમાં અરજદાર થતાં અત્રેની કચેરી મહુવા શહેર પેટા વિભાગીય કચેરી દ્વારા તા.૧૮/૧૧/૨૦૨૨ ના રોજ અરજદારનું સ્થળ તપાસણી ફરીવાર કરતાં તેમના સ્થળ સાથે જોડેલ ચતુર્થ સીમા જોડવામાં આવેલ છે અને સ્થળ પર કરેલ રોજકામ પણ જોડવામાં આવે છે.

૨.૪ સ્થળ પર કરવામાં આવેલ રોજકામ અને ચતુર્થ સીમા મુજબ અરજદાર જે સ્થળ પર વીજકનેકશનની માંગણી કરેલ છે તે જગ્યા ખેતી ઉપયોગમાં થઈ છે તેવું જણાઈ આવે છે અને અરજદાર પાસે ઉપરોકત અરજીના સ્થળની માલીકી કે કબ્જેદાર હોવાનો કોઈ પુરાવો નથી.

P.G.V.C.L. Bhavnagar. Redressal Forum

૨.૫ અરજદાર ના સ્થળ તપાસ તા.૧૮/૧૧/૨૦૨૨ ના રોજ અરજદાર ને રૂબરૂ જણાવેલ કે, તેઓ જે સ્થળ પર વીજ કનેકશન ઝુંપડા વીજળીકરણ યોજનામાં માંગવમાં આવેલ છે, તેના લગતા પુરા ડોકયુમેન્ટસ તેમના દ્વારા રજુ કર્યા બાદ ઉપરોકત વીજ કનેકશનની નિયમ મુજબ લાગુ પડતી યોજનામાં ફાળવણીની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર શ્રી પોપટભાઈ નનાભાઈ સિંધવ, રહેઠાણ.મહુવા દ્વારા પ્રતિવાદી ની શહેર પેટા વિભાગીય કચેરી દ્વારા ઘર વપરાશનું કનેકશન ન આપવાની બાબતને લઈને ફોરમને રજુઆત કરેલ છે.

૩.૨ આજરોજ તા.૨૭/૧૨/૨૦૨૨ ની રૂબરૂ સુનાવણીમાં વાદી તથા પ્રતિવાદી નાં પ્રતિનિધિએ હાજર રહી પોતાની રજુઆતો કરેલ છે.

૩.૩ વાદીની ઝુંપડપટ્ટી યોજના હેઠળના સીંગલ ફેઈઝ વીજ કનેકશનની માંગણીને લઈને પ્રતિવાદી ની કચેરી દ્વારા કાર્યવાહી હાથ ધરેલ પરંતુ સ્થળ ચકાસણી દરમિયાન વીજ જોડાણની માંગણી વાળી જગ્યા એ ખેતીવાડીની જમીન હોવાનું માલુમ પડેલ, જેને લઈને પ્રતિવાદી ની કચેરી દ્વારા સ્થળની માલીકી અંગેના આધાર પુરાવા માંગતા વાદી રજુ કરી શકેલ નથી.

ત્યારબાદ, ફોરમની સુચનાને ધ્યાને લઈ, પ્રતિવાદી દ્વારા ફરીથી તા.૧૮/૧૧/૨૦૨૨ ના રોજ સ્થળ ચકાસણી કરેલ અને રોજકામ કરી ફોરમને રજુ કરેલ. જે મુજબ અરજદારે માંગણી કરેલ કનેકશન વાળી જગ્યા ખેતીવાડી ઉપયોગમાં થતું હોવાનું જણાયેલ છે.

૩.૪ આજરોજ રૂબરૂ સુનાવણી દરમ્યાન પણ વાદી દ્વારા માલીકી–કબ્જા અંગેનો આધાર પુરાવા ન હોવાનું સ્વીકારેલ છે, વાદી એ રજુ કરેલ પ્રમાણપત્ર આવક અંગેનું હોઈ માન્ય રાખી શકાય નહી.

૩.૫ ઉપરોકત બાબતો તેમજ રજુ થયેલ રેકર્ડ ને આધારે પ્રતિવાદી પીજીવીસીએલ ની કચેરી દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીમાં કોઈ ક્ષતિ માલુમ પડતી નથી. અરજદારને સુનાવણી દરમ્યાન પ્રથમ માલીકી–કબ્જા અંગેનો દાખલો મેળવવા સમજ આપવામાં આવેલ છે. ત્યારબાદ, નવા કનેકશન માટે માંગણી કરવા જણાવવામાં આવેલ છે. આથી, વાદી ની અરજીનો નિકાલ કરવામાં આવે છે.

## <u>–:: હુકમ ::–</u>

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૫ " મુજબ હુકમ કરવામાં આવે છે.**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જુના પાવર હાઉસ કંમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણબાગ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| | (ગેરહાજર) | |
| **(શ્રીમતી જે.એમ.મહેતા)** | **(એન.આઈ.ઉપાધ્યાય)** | **(એન.સી.મકવાણા)** |
| **સ્વતંત્ર સભ્યશ્રી** | **ટેકનીકલ સભ્યશ્રી** | **અધ્યક્ષશ્રી,** |
| | | **ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ** |
| | | **પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.** |

તારીખ :– **૨૭/૧૨/૨૦૨૨.**

P.G.V.C.L. Redressal Forum Bhavnagar.